સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

અષાઢ સુદ - ૦૬ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૩૦ ● તારીખઃ ૧૯.૦૭.૨૦૨૬, રવિવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


**આજનો સુવિચાર**

બધા ધર્મગ્રંથોનો સાર એક જ છે, કે તું તારું કામ કર્યે જા બીજાની ચિંતા ન કર!

# હોર્મુઝ સ્ટ્રેટમાં બે ઓઈલ ટેન્કરોમાં વિસ્ફોટ થયાનો દાવોઃ યુએસ

## સતત સાતમી રાત ઈરાન પર હુમલો; ઈરાને કહ્યું- જો જમીની હુમલા થશે તો કુવૈત-બહેરીનમાં ઘૂસી જઈશું

**સમય સંદેશઃ ડેસ્ક**



ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ દાવો કર્યો કે હોર્મુઝ સ્ટ્રેટમાં બે તેલ ટેન્કરોમાં વિસ્ફોટ થયો. IRGC એ જણાવ્યું કે અમેરિકી ગુપ્તચર એજન્સીઓની ખોટી માહિતીને કારણે બંને ટેન્કર સમુદ્રમાં બિછાવેલી માઈન્સ સાથે અથડાયા બાદ આગની લપેટમાં આવી ગયા.

જોકે, અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ આ દાવાને ખોટો ગણાવ્યો. વળી, CENTCOM એ કહ્યું કે તેણે સતત સાતમી રાત ઈરાનના સૈન્ય ઠેકાણાઓ, હથિયાર ભંડારો અને દરિયાઈ સૈન્ય ક્ષમતાઓ પર હુમલા કર્યા. અલ જઝીરા અનુસાર, આ હુમલાઓમાં સીરિક, બુશેહર, બંદર અબ્બાસ, કેશ્મ દ્વીપ અને યઝ્દને નિશાન બનાવવામાં આવ્યા.

બીજી તરફ, ઈરાની સાંસદ અહમદ બખ્શાયેશ અર્દેસ્તાનીએ ચેતવણી આપી કે જો અમેરિકાએ જમીની હુમલો કર્યો, તો ઈરાન કુવૈત અને બહેરીનમાં ઘૂસી જશે અને ત્યાં હાજર અમેરિકી સૈન્ય ઠેકાણાઓને તબાહ કરી દેશે.

અમેરિકી એરસ્ટ્રાઈકમાં ચાબહાર પોર્ટના કંટ્રોલ ટાવરને નુકસાનઃ અમેરિકાની એરસ્ટ્રાઈકમાં ઈરાનના ચાબહાર પોર્ટના કંટ્રોલ ટાવરને નુકસાન થયું છે. ઈરાન અનુસાર, આ ટાવર પોર્ટ પર વ્યાપારી જહાજોની દેખરેખ રાખતો હતો.

ચાબહાર પોર્ટનું ભારત સાથે જોડાયેલું ટર્મિનલ સુરક્ષિતઃ ઈરાનના ચાબહાર પોર્ટ પર અમેરિકી હુમલામાં ભારત સાથે જોડાયેલા શાહિદ બેહેશ્તી ટર્મિનલને કોઈ નુકસાન થયું નથી. વિદેશ મંત્રાલયે આ માહિતી આપી.

ઈરાને લોકોને વીજળી બચાવવા અપીલ કરીઃ ઈરાને સ્વીકાર્યું છે કે તેના વીજળી માળખાને નિશાન બનાવવામાં આવ્યું છે. આ પછી સરકારે દક્ષિણી પ્રાંતોના લોકોને વીજળીનો વપરાશ ઘટાડવા અપીલ કરી છે.



બ્રિટનમાં IRGC ને સમર્થન આપવું હવે ગુનોઃ બ્રિટને ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (ઈછઞ્ઈ) ને ઔપચારિક રીતે રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો જાહેર કર્યો છે. તેને સમર્થન આપવું ગુનો ગણાશે.

ઈરાને કુવૈતના ઉંદૈદ એરબેઝ પર હુમલો કર્યોઃ ઈરાને દાવો કર્યો છે કે તેણે કતરમાં સ્થિત અમેરિકી અલ ઉંદૈદ એરબેઝને નિશાન બનાવીને હુમલો કર્યો છે. જેમાં અમેરિકી HIMARS રોકેટ સિસ્ટમ, મિસાઈલો અને અન્ય સૈન્ય ઉપકરણો નષ્ટ કરી દીધા છે.

# અમદાવાદમાં ગેરકાયદે ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટ, ૩ બાળકો સહિત ૯ ભડથું

## સળગતા શ્રમિકને ઠંડો પાડવા પાણીના નળ નીચે મૂક્યો, ૩૦૦ મીટર દૂર કાટમાળ પડ્યો; ઉભો પાક સળગ્યો

**સમય સંદેશઃ અમદાવાદ**









અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં રામોલ-ગતરાડ રોડ ઉપર આજે(૧૮ જુલાઈ) ગેરકાયદે ધમધમતી ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટની ઘટના સામે આવી છે. આ દુર્ઘટનામાં ૩ બાળકો સહિત ૯ લોકોના મોત થયા છે અને ૧૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે તેનો અવાજ ૫ કિમી દૂર સુધી સંભળાયો હતો અને શ્રમિકોની બોડીના ચીથરા ઉડ્યા હતા. ઈજાગ્રસ્ત પૈકી ૮ને એલ.જી.હોસ્પિટલમાં અને ૬ને અસારવા સિવિલમાં સારવાર માટે ખસેડાયા છે.

વસ્ત્રાલ RAF કેમ્પના પાછળના ભાગે જ આ ફેક્ટરી આવેલી હોવાથી ધડાકાનો અવાજ આવતાની સાથે જ વસ્ત્રાલ છઅઋકેમ્પમાં ફરજ બજાવતા જવાનો પણ તાત્કાલિક દોડી ગયા હતા અને ફાયરબ્રિગેડ આવે ત્યાં સુધીમાં જે લોકો ઘાયલ થયા હતા અને ફસાયા હતા તેને બહાર કાઢી લીધા હતા. હાલ તો ફાયરબ્રિગેડની પાંચથી વધુ ગાડીઓએ ઘટનાસ્થળે પહોંચીને આગ કાબૂમાં લઈ લીધી છે અને કુલિંગ પ્રોસેસ ચાલી રહી છે.

અમદાવાદ મેયર હિતેશ બારોટ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયરબ્રિગેડ સહિતના ઉચ્ચ અધિકારીઓ હાલ સ્થળ ઉપર પહોંચ્યા છે. ઝોન ૮ ડીસીપી મયુર પાટીલ અને સેક્ટર ૨ જેસીપી જયપાલસિંહ રાઠોડ પણ સ્થળ ઉપર પહોંચ્યા હતા. ફેક્ટરી માલિકનું નામ મેહુલ ડોડીયા છે. તેના સહિત ત્રણ લોકોની પોલીસે અટકાયત કરી લીધી છે.

અસારવા સિવિલ હોસ્પિટલમાં કુલ ૬ દર્દીઓને લાવવામાં આવ્યા છે, જેમાંથી એક મહિલાને મૃત જાહેર કરવામાં આવી છે. બાકીના ૫ દર્દીઓમાં ૪ પુરુષ અને ૧ મહિલાનો સમાવેશ થાય છે. આ ઈજાગ્રસ્તો પૈકી ૨ દર્દીઓની હાલત ગંભીર છે, ૧ દર્દીની સ્થિતિ મધ્યમ છે અને અન્ય ૨ દર્દીઓની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. તો એલ.જી.હોસ્પિટલમાં ૮ ઈજાગ્રસ્તોને લાવવામાં આવ્યા હતા, જેમાંથી ૪ના મોત અને ૪ ઈજાગ્રસ્ત છે.

PM મોદીએ ઘટના અંગે દુઃખ વ્યકત કર્યું હતું.દરેક મૃતકના પરિવારજનને પીએમ રાહત ફંડમાંથી ૨ લાખ અને ઘાયલોને ૫૦ હજાર સહાયની જાહેરાત કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ ઘટના અંગે દુઃખ વ્યકત કરી રાજ્ય સરકાર તરફથી મૃતકના પરિવારને ૪ લાખ અને ઘાયલોને ૫૦ હજારની સહાયની જાહેરાત કરી છે.

# અરુણાચલ પ્રદેશના ૩૫ ગામમાં લેન્ડસ્લાઈડઃ ઉ.પ્ર.ના તમામ ૭૫ જિલ્લાઓમાં ભારે વરસાદનું એલર્ટ

**સમય સંદેશઃ નવી દિલ્હી**



યુપીના લખનઉ, કાનપુર અને બારાબંકી સહિત તમામ ૭૫ જિલ્લાઓમાં વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. વારાણસીમાં ગંગા નદીના જળસ્તરમાં ઝડપથી વધારો થયા બાદ ગંગા આરતીનું સ્થળ બદલવું પડ્યું છે. ઝાંસીમાં ૧૫ મિનિટના વરસાદ બાદ તાપમાન ૭ ડિગ્રી સુધી ઘટી ગયું.

રાજસ્થાનમાં ચોમાસું હજુ પણ વિરામ પર છે. રાજ્યમાં અત્યાર સુધી સામાન્ય કરતાં ૨૧ ટકા ઓછો વરસાદ થયો છે. જ્યારે, મધ્યપ્રદેશના ભોપાલ અને ઈન્દોર સહિત ૪૪ જિલ્લાઓમાં શનિવારે વરસાદનું એલર્ટ છે.

બંગાળની ખાડીમાં સક્રિય લો પ્રેશર એરિયા અને રાજસ્થાનમાં સક્રિય ચક્રવાતી પરિભ્રમણને કારણે આગામી દિવસોમાં વરસાદ વધુ વધી શકે છે.

જ્યારે, અરુણાચલ પ્રદેશમાં સતત વરસાદને કારણે પૂર અને ભૂસ્ખલનની સ્થિતિ હજુ પણ ગંભીર બની રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં અપર સુબનસિરી જિલ્લાના ગિબા, નિલિંગ, ચેતમ અને દાપોરિજો સર્કલોના ૩૫ ગામોમાં ફ્લેશ ફ્લડ અને ભૂસ્ખલન થયું. પૂરથી અત્યાર સુધીમાં ૧,૧૩,૬૭૪ લોકો પ્રભાવિત થયા છે.

# રાજકોટમાં નોનવેજના ૬ ધંધાર્થીઓને રૂા.૬૦ હજારનો દંડ

**સમય સંદેશઃ રાજકોટ**

રાજકોટમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરી જન આરોગ્ય સાથે ચેડા કરતા ધંધાર્થીઓ સામે લાલ આંખ કરી જીલ્લા વહીવટી તંત્ર દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે. એડિશનલ કલેક્ટર દ્વારા ફૂડ સેફ્ટીના કેસોમાં પરાબજારની કૃષ્ણપરા મટન માર્કેટના ૬ ધંધાર્થીઓને અનહાઈજેનીક-અનસ્ટેમ્પ્ડ માસ ચીકનનું વેચાણ કરવા સબબ રૂ.૧૦-૧૦ હજાર મળી કુલ રૂ. ૬૦ હજારનો દંડ ફટકારવામાં આવેલ છે.

શહેરમાં ભેળસેળ કરતા ધંધાર્થીઓએ ખાદ્યપદાર્થોમાં મીલાવટનો દૌર સતત ચાલુ રાખ્યો છે. રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે અધિક કલેકટરની કોર્ટમાં ફૂડ સેફ્ટીના ૬ કેસો ચાલી જતા શહેરના પરાબજારની કૃષ્ણપરા મટન માર્કેટના ૬ ધંધાર્થીઓને અનહાઈજેનીક-અનસ્ટેમ્પ્ડ માસ ચીકનનું વેચાણ કરવા સબબ રૂ.૧૦-૧૦ હજાર મળી કુલ રૂ. ૬૦ હજારનો દંડ ફટકારવામાં આવેલ છે. જેઓ લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા હતા.

# વેરાવળ ગુંદાસરા વચ્ચે રોલરની ટક્કરે બે વિદ્યાર્થીના મોત

**સમય સંદેશઃ વેરાવળ**

વેરાવળ મસ્તક ફાટક નજીક થયેલા માર્ગ અકસ્માતમાં બે યુવાનોના મોત થયા છે. રોલર અને મોટરસાયકલ વચ્ચે થયેલી ટક્કરમાં રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી તાલુકાના આણંદપર નવાગામના બે વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યા હતા. આ મામલે રોલર ચાલક સામે શાપર-વેરાવળ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, આ ઘટના ૧૭ જુલાઈ, ૨૦૨૬ ના રોજ બની હતી. આણંદપર નવાગામના ૧૮ વર્ષીય બળદેવ ખોડાભાઈ સેજાણી અને ૧૭ વર્ષીય જતીન છગનભાઈ સરવૈયા કોમ્પ્યુટર ક્લાસ પૂરા કરીને સુપર સ્પ્લેન્ડર મોટરસાયકલ પર ઘરે પરત ફરી રહ્યા હતા. તે સમયે વેરાવળ મસ્તક ફાટકથી આગળ રોલર ના ચાલકે બેફિકરાઈ અને બેદરકારીપૂર્વક વાહન ચલાવી મોટરસાયકલને ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં બંને યુવકોને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ બંનેને મૃત જાહેર કર્યા હતા.

મૃતક બળદેવના પિતા ખોડાભાઈ રણછોડભાઈ સેજાણીની ફરિયાદના આધારે શાપર-વેરાવળ પોલીસે રોલર ચાલક સામે બી.એન.એસ.ની કલમ ૨૮૧, ૧૦૬(એ) તથા મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭ અને ૧૮૪ હેઠળ ગુનો નોંધી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પૂર પ્રભાવિત સુરતીઓને મોટી રાહત, ૧૪૭ કરોડના વેરા બિલ માફ

સુરત શહેરમાં તાજેતરમાં પૂરના પાણીના કારણે સર્જાયેલી વિકટ પરિસ્થિતિ બાદ રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકા દ્વારા નાગરિકો તેમજ વેપારીઓના હિતમાં એક બહુ જ મોટો અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. ગૃહમંત્રી હર્ષ સંઘવીએ માહિતી આપતા જણાવ્યું છે કે, સુરતના જે પણ વિસ્તારોમાં પૂરના પાણી ભરાયા હતા, તે તમામ અસરગ્રસ્ત નાગરિકોને મોટી આર્થિક રાહત આપવામાં આવશે. આ વિસ્તારોમાં આવેલા ઘરો, દુકાનો, ફેક્ટરીઓ તેમજ નાના-મોટા ઔદ્યોગિક ખાતાઓમાં જ્યાં પણ પાણી પ્રવેશ્યા હતા, તે તમામના વેરા બિલ સંપૂર્ણપણે માફ (૧૦૦% વેરા માફી) કરી દેવામાં આવ્યા છે. અને ૬૧ હજારથી વધુ લોકોને કેશડોલ સહાય ચૂકવાઈ છે. સુરતના મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને વહીવટી તંત્ર દ્વારા છેલ્લા ૫ દિવસથી સતત કરવામાં આવેલા સઘન સર્વેના આધારે આ નિર્ણયને આખરી ઓપ આપવામાં આવ્યો છે. આ શહેરમાં કુલ ૩,૫૪,૬૦૦ જેટલા યુનિટોને આવરી લેવામાં આવ્યા છે, જેના ભાગરૂપે ૧૪૭ કરોડ રૂપિયાના વેરા બિલ માફીનો સત્તાવાર પરિપત્ર પણ જારી કરી દેવામાં આવ્યો છે.

# દિલ્હીના જંતર-મંતર પર ૨૧ દિવસથી ભૂખ હડતાળ પર બેઠેલા સોનમ વાંગચુકને શનિવારે સવારે પોલીસ ઉઠાવીને સફદરજંગ હોસ્પિટલ લઈ ગઈ

## હોસ્પિટલમાં પણ સોનમ વાંગચુકના ઉપવાસ યથાવત, પત્નીએ કહ્યું- ૨૦ જુલાઈએ સંસદ માર્ચ થઈને જ રહેશે

વાંગચુક પેપર લીક મામલાની તપાસ અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગને લઈને ઉપવાસ કરી રહ્યા છે. તેમનું સ્વાસ્થ્ય સતત બગડતું જઈ રહ્યું હતું. વજન પણ ૯.૫ કિલો સુધી ઓછું થઈ ગયું છે.

દિલ્હીના જંતર-મંતર પર દેશની શિક્ષણ વ્યવસ્થામાં સુધારા અને ગઊઊઝ પેપર લીક વિવાદ મુદ્દે છેલ્લા ૨૦ દિવસથી આમરણ અનશન પર બેઠેલા પ્રખ્યાત ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકને દિલ્હી પોલીસે સવારે સફદરજંગ હોસ્પિટલમાં ખસેડ્યા છે. આ ઘટના બાદ આંદોલન વધુ ઉગ્ર બન્યું છે. સોનમ વાંગચુકના પત્ની ગીતાંજલિ જે. આંગમોએ હોસ્પિટલ બહાર પત્રકારો સાથે વાતચીત કરતાં સ્પષ્ટ કર્યું છે કે, વાંગચુકને હોસ્પિટલમાં દાખલ કરવા છતાં તેમનું અનશન ચાલુ જ છે અને આગામી ૨૦ જુલાઈએ યોજાનારી સંસદ માર્ચ પોતાના નિર્ધારિત સમય મુજબ જ આગળ વધશે.

શનિવારે સવારે લગભગ ૭ વાગ્યે પોલીસ સિવિલ ડ્રેસમાં પહોંચી અને વાંગચુકને સફેદ ચાદરમાં ઉઠાવીને લઈ ગઈ. આ દરમિયાન પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે જોરદાર હંગામો થયો.

દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે કેન્દ્ર અને દિલ્હી સરકારને આદેશ આપ્યો હતો કે વાંગચુકનું રોજ મેડિકલ ચેકઅપ





કરવામાં આવે અને જરૂર પડ્યે તેમની સારવાર કરવામાં આવે.

તો બીજી તરફ, સોનમ વાંગચુકના સમર્થનમાં હવે અમેરિકામાં પણ અવાજ ઉઠવા લાગ્યો છે. વોશિંગ્ટન ડીસીમાં શુક્રવારે બે અમેરિકી નાગરિક સંગઠનોએ પ્રદર્શન કરીને ભારત સરકાર પાસે કથિત ગઊઊઝ પરીક્ષા પેપર લીક પર તાત્કાલિક કાર્યવાહી કરવા અને પ્રદર્શનકારીઓ સાથે વાતચીત શરૂ કરવાની માગ કરી.

'હિંદુઝ ફોર હ્યુમન રાઈટ્સ' અને 'ધ આઝાદી પ્રોજેક્ટ'ના કાર્યકર્તાઓ ભારતીય દૂતાવાસ પાસે મહાત્મા ગાંધીની પ્રતિમા સામે એકઠા થયા. પ્રદર્શનકારીઓએ સોનમ વાંગચુકના સમર્થનમાં તખ્તીઓ ઉઠાવી અને શિક્ષણ પ્રણાલીમાં સુધારા, જવાબદારી નક્કી કરવા અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરી.

પ્રદર્શન પહેલાં 'હિંદુઝ ફોર હ્યુમન રાઈટ્સ'એ PM નરેન્દ્ર મોદીને એક પત્ર પણ લખ્યો હતો. સંગઠને કહ્યું કે સરકારે પ્રદર્શનકારીઓ સાથે તાત્કાલિક વાતચીત કરવી જોઈએ, પરીક્ષા વ્યવસ્થામાં સામે આવેલી ખામીઓ પર જવાબ આપવો જોઈએ અને જવાબદારી નક્કી કરવા માટે સમયસર પ્રક્રિયા શરૂ કરવી જોઈએ.

# ગુજરાતી ફિલ્મ 'મારણ'ને નેશનલ અવોર્ડ મળ્યો

## યામી ગૌતમ બેસ્ટ એક્ટ્રેસ, કાર્તિક આર્યન બેસ્ટ એક્ટર; ૭૨મા નેશનલ અવોર્ડની જાહેરાત




૭૨માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો (નેશનલ ફિલ્મ અવોર્ડ્સ)ની યાદી શનિવારે જાહેર થઈ છે. જેમાં ફિલ્મ 'આર્ટિકલ ૩૭૦'ને વર્ષ ૨૦૨૪ની સર્વશ્રેષ્ઠ ફીચર ફિલ્મનો પુરસ્કાર મળ્યો. જ્યારે, ફિલ્મ 'શ્રીકાંત'ને સર્વશ્રેષ્ઠ હિન્દી ફિલ્મનો પુરસ્કાર મળ્યો અને યામી ગૌતમને લીડિંગ રોલમાં બેસ્ટ એક્ટ્રેસનો પુરસ્કાર આપવામાં આવ્યો. જ્યારે ગુજરાતી ફિલ્મ 'મારણ'ને બેસ્ટ ગુજરાતી ફિલ્મનો અવોર્ડ મળ્યો. જ્યારે, 'બ્રમાયુગમ' માટે મમૂટી અને 'ચંદુ ચેમ્પિયન' માટે કાર્તિક આર્યનને સંયુક્ત રીતે લીડિંગ રોલમાં બેસ્ટ એક્ટરનો પુરસ્કાર આપવામાં આવ્યો. ઘોષિત વિજેતાઓમાં તમિલ ફિલ્મ 'રાયન' ને સર્વશ્રેષ્ઠ તમિલ ફિલ્મ, 'કમિટી કુર્રોલ્લુ' ને સર્વશ્રેષ્ઠ તેલુગુ ફિલ્મ, 'લાહરી' ને સર્વશ્રેષ્ઠ ઓડિયા ફિલ્મ, 'મુક્કામ પોસ્ટ બોમ્બિલવાડી' ને સર્વશ્રેષ્ઠ મરાઠી ફિલ્મ અને 'સુનીતા' ને સર્વશ્રેષ્ઠ મણિપુરી ફિલ્મનો પુરસ્કાર મળ્યો.

## તંત્રી સ્થાનેથી..

### ક્રિકેટ બૉર્ડની ગજબ નીતિ !

બોર્ડની નજીકનાં કહેવાતાં સૂત્રો આવી વાતો મીડિયાના કાને કેમ નાખી રહ્યાં છે? ભારતીય ક્રિકેટમાં પસંદગી અંગેનો નિર્ણય હવે પસંદગીકારોની બેઠકમાં લેવાય છે કે 'સૂત્રો' દ્વારા મીડિયામાં કરાવવામાં આવતી અટકળોના બજારમાં?રોહિત શર્માનું વર્તમાન ફોર્મ ચિંતાજનક છે, તેનો ઈનકાર થઈ શકે તેમ નથી. ૨૦૨૬માં રમેલી આઠ વન-ડેમાં અફઘાનિસ્તાન સામેની એક અડધી સદી સિવાય તેની પાસે નોંધપાત્ર દેખાવ નથી. છ વખત તે ૩૦ રન સુધી પણ પહોંચી શક્યો નથી. ઈંગ્લેન્ડ સામેની પ્રથમ બે વન-ડેમાં તેની બેટિંગમાં ન તો 'હિટમેન'નો આત્મવિશ્વાસ દેખાયો, ન તેની સહજ આક્રમકતા. પહેલી મેચમાં ૨૧ બોલમાં ૧૧ રન અને બીજી મેચમાં ૪૭ બોલમાં ૨૬ રન તેની સ્વાભાવિક બેટિંગશૈલીથી સાવ વિપરીત હતા. લોર્ડ્સમાં પણ તેનો મર્યાદિત ઓવરના ક્રિકેટનો ભૂતકાળ ઉત્સાહજનક નથી. ચાર મેચમાં માત્ર ૨૯ રન તેની વિરુદ્ધ ઊભો રહેલો આંકડો છે. પરંતુ ખરાબ ફોર્મ અને સુનિયોજિત માનસિક દબાણ વચ્ચેનો ભેદ સમજવો જરૂરી છે. કોઈ ખેલાડી નિષ્ફળ જાય તો પસંદગીકારોને તેને પડતો મૂકવાનો અધિકાર છે. પરંતુ 'લોર્ડ્સ છેલ્લી તક', 'અહીં નિષ્ફળ જશે તો નિવૃત્તિ લેશે' કે 'બોર્ડ હવે આગળ વિચારવા માગે છે' જેવી વાતો વહેતી કરીને ખેલાડીને મેદાનમાં ઊતરતાં પહેલાં જ આરોપીના પાંજરામાં ઊભો કરી દેવો અત્યંત નિંદનીય છે. પસંદગીકારોને રોહિતની જરૂર ન હોય તો તેમણે જાહેરમાં, સ્પષ્ટપણે અને ક્રિકેટના આધારે નિર્ણય લેવો જોઈએ. નિવૃત્તિ માટે પાછળના બારણેથી દબાણ ઊભું કરવું એ બોર્ડની બહાદુરી નહીં, તેની નૈતિક કાયરતા ગણાય. રોહિત સામાન્ય ખેલાડી નથી. તેણે ભારતીય ક્રિકેટને વિશ્વવિજય અપાવ્યો છે, દાયકાઓ સુધી યાદ રહે તેવી ઈનિંગ્સ રમી છે અને પોતાની આક્રમક બેટિંગથી વન-ડે ક્રિકેટની વ્યાખ્યા બદલી છે. આ સિદ્ધિઓ તેને અનંતકાળ સુધી ટીમમાં રહેવાનો અધિકાર આપતી નથી, પરંતુ સન્માનજનક વ્યવહારનો અધિકાર ચોક્કસ આપે છે. રોહિત ૨૦૨૭ના વિશ્વકપ સુધી રમવા માગે છે. રોહિત શર્માને નિવૃત્ત કરી દેવાની જાણે હોડ લાગી છે. તેના પર રીતસર દબાણ ઉભું કરાઈ રહ્યું છે કે તે લોર્ડ્સ મેચ પછી નિવૃત્તિ જાહેર કરી દે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સચિવ દેવજીત સૈકિયા કહે છે કે રોહિત શર્મા લોર્ડ્સમાં પોતાની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ રમશે એવી કોઈ ચર્ચા થઈ નથી. બોર્ડ માને છે કે રોહિત રમવાનું ચાલુ રાખશે. જો આ સત્તાવાર નિવેદન સાચું હોય તો પછી રોહિતની નિવૃત્તિની વાર્તાઓ કોણ ઘડી રહ્યું છે?

## શહેરના મોમાઈનગરમાં નિરંકારી સત્સંગ યોજાયો



**સમય સંદેશઃ જામનગર**

સંતો ઇશ્વર પ્રતિ પ્રેમ,વિશ્વાસ,સમર્પણ,સત્સંગ ની તરફે મનુષ્ય ને આકર્ષિત કરે છે.ઈશ્વર દરેક જગ્યાએ છે,તે સર્વ વ્યાપી છે. આ ઉદગાર દિલ્હી થી પધારેલ સંત નિરંકારી મંડળના પ્રચાર પ્રસાર વિભાગના પ્રભારી પ્રવીણ ખુલ્લર એ શહેર માં ૧૬ જુલાઇના રોજ મોમાઈ નગર વિસ્તારમાં આયોજિત વિશાળ સત્સંગમાં વ્યક્ત કર્યા.

નિરંકારી સદગુરુ માતાજી નો સંદેશ આપતા તેઓએ જણાવ્યું કે, ઈશ્વર જે પણ કરે છે સારું જ કરે છે, આપણે તે સ્વીકારીએ પણ છીએ પરંતુ જ્યારે કોઈ વિષમ પરિસ્થિતિ હોય છે તો આપણે માની નથી શકતા કે જે થયું સારુ થયું. બિન સત્સંગ વિવેક ન હોઇ એટલે કે સત્સંગ વગર આ વિવેક કેળવાતું નથી.

વધુ માં તેઓ એ કહ્યું કે , જ્યારે મનુષ્ય ગુરુ પાસે આવે છે ત્યારે તેને સમજાય છે કે તે પરમાત્મા નો અંશ છે, જે રીતે સોના માં થી અલગ અલગ આભૂષણ બને છે તે જ રીતે પરમાત્મા દરેક સ્વરૂપ માં બિરાજમાન હોય છે. પરમાત્માને ઓળખ્યા પછી આરાધના કરી શકાય અને બ્રહ્મજ્ઞાન પછી તેને નિહાળી ને ભક્તિ કરવી જોઈએ.આ પૂર્વે જામનગરના ઝોનલ ઈનચાર્જ આર. એ. શાક્યે સ્વાગત પ્રવચન કરેલ.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.


નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯




## હાલારના હાલહવાલ



# જામનગરમાં ભક્તિભાવપૂર્વક જગન્નાથ રથયાત્રા મહોત્સવનો પ્રારંભ

## ૧૬ થી ૨૭ જુલાઈ સુધી ઓડિશાની પરંપરા મુજબ યોજાશે કાર્યક્રમો



**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં અષાઢી બીજના પવિત્ર પર્વે ભગવાન જગન્નાથજીના રથયાત્રા મહોત્સવનો શાનદાર પ્રારંભ થયો છે. શહેરના વિશાલ હોટલ પાસે, સિધ્ધનાથ સોસાયટી રોડ નં. ૨ પર આવેલા જગન્નાથ મંદિરમાં આ ૧૨ દિવસીય ભવ્ય મહોત્સવની શરૂઆત કરવામાં આવી છે.

મહોત્સવની શરૂઆતે મંદિર પરિસરની અંદર જ એક વિશાળ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારોની સંખ્યામાં ઉમટી પડેલા શ્રદ્ધાળુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને ભગવાનના રથના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

જગન્નાથ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી ૧૬ થી ૨૭ જુલાઈ સુધી ૧૨ દિવસ માટે વિશેષ આયોજન કરાયું છે. જેમાં ઓડિશાની મૂળ પરંપરા મુજબ ભગવાનની વિશેષ પૂજા-અર્ચના, ધાર્મિક વિધિઓ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની વણઝાર યોજાશે.

મહોત્સવ દરમિયાન મંદિરે આવતા તમામ શ્રદ્ધાળુઓ માટે દરરોજ મહાપ્રસાદની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી છે. જગન્નાથ કલ્ચર એસોસિએશનના સ્થાપક અને પ્રમુખ શ્રીમંતકુમાર પાલે શહેરની ધર્મપ્રેમી જનતાને આ પવિત્ર કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં જોડાવા અને લાભ લેવા અનુરોધ કર્યો છે.

### અવેજી સફાઈ કામદારોની ભરતી અને અનુભવી કર્લાકની નિમણૂંક કરો

# જામ્યુકોના સફાઇ કામદારોના પેન્શન સહીતના પ્રશ્નો ઉકેલવા માંગ

## નગરસેવિકાએ મહાનગરપાલીકાના કમિશ્નરને આવેદનપત્ર પાઠવ્યું

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલીકાના સફાઇ કામદારોના પેન્શન સહીતના પ્રશ્નો ઉકેલવા નગરસેવીકાએ કમિશ્નરને આવેદનપત્ર પાઠવ્યું છે. જેમાં અવેજી સફાઇ કામદારોની ભરતી અને અનુભવી કલાર્કની નિમણૂંક કરવા માંગણી કરી છે.

જામનગરના વૉર્ડ નં.૭ના ભાજપના નગરસેવીકા શીતલબેન વાઘેલાએ મનપાને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યાનુસાર મનપાની આવશ્યક સેવાની કામગીરી કરતા વર્ષ-૨૦૦૫ પહેલા સફાઇ કામદારોને સરકારના પરિપત્ર અનુસાર પેન્શન ફોર્મ ભરાયેલા છે અને છેલ્લાં



૪ મહીનાથી સોલીડ વેસ્ટ એસ્ટમાં જમા થયેલા છે. આથી પેન્શન ફોર્મની આગળની કાર્યવાહી કરવા સંબધિત શાખામાં મોકલવા માંગણી કરી છે.

તદઉપરાંત મનપા દ્વારા આજથી ૪ થી ૫ મહીના પૂર્વે સીનયોરીટી લીસ્ટમાં કાયમી તરીકે નિમણૂંક કરેલા સફાઇ કામદારોના સીઆર રીપોર્ટ તથા જરૂરી ડોક્યુમેન્ટ એસ્ટામાં રજૂ થયેલા છે. પરંતુ આજ દીન સુધી આ સફાઇ કામદારોને કાયમી નિમણૂંક આપવા માટેની કાર્યવાહી થઇ નથી. આથી આ માટે સંબધિત શાખાને સૂચના આપવા માંગ કરી છે. સાથે સાથે મનપા તરફથી સફાઇ કામદારોનું જે લીસ્ટ બનાવામાં આવ્યું છે તેમાંથી અવેજી સફાઇ કામદારોની ભરતી કરવી તથા સોલીડ વેસ્ટ એસ્ટામાં નિવૃત સફાઇ કામદારની જેવી કે, ગ્રેચ્યુઇટી, પેન્શન, ફરજ દરમ્યાન મૃત્યુ પામેલા કર્મચારીઓની વારસદારોની કામગીરી અનુભવી કલાર્કની નિમણૂંક કરી તેને સોંપવા યોગ્ય કાર્યવાહી કરવા માંગણી કરી છે.

## જામનગરના વંથલી અને મોટી ભલસાણમાં અડધો ઈંચ વરસાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બરાબરના રૂઠયા છે, વંથલી અને મોટી ભલસાણમાં અડધો અડધો ઇંચ વરસાદ પડયો છે, બન્ને જિલ્લા લગભગ કોરા ધાકોડ છે, વરસાદ નહીં થાય તો પીવાના પાણીની સમસ્યા ઉઠશે એટલું જ નહિં વાવેતર ઉપર પણ ભારે અસર થશે., આગામી તા. ૨૩ થી ૨૯ દરમ્યાન સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ પડશે અને ખાસ કરીને દરિયાકાંઠા વિસ્તારમાં વરસાદ પડે તેવી શકયતા છે. ખેડુતો આશા રાખી રહ્યા છે, જો કે તાપમાનમાં બે ડીગ્રીનો ઘટાડો થયો છે, છેલ્લા છ સાત દિવસથી વાદળા બંધાઇ છે પરંતુ મેઘરાજા મન મુકીને વરસતા નથી, માત્ર ઝાપટાથી લોકોને સંતોષ માનવો પડે છે.

કલેકટર કચેરીના કંટ્રોલ રૂમના જણાવ્યા મુજબ વધુમાં વધુ તાપમાન ૩૩ ડીગ્રી, લઘુતમ તાપમાન ૨૭, હવામાં ભેજ ૭૯, પવનની ગતિ ૩૫ થી૪૦ કિ.મી. પ્રતિકલાક જોવા મળી છે. ખાસ તો ચોમાસુ બગાડનાર અલનીનો સ્થિતિથી ચોમાસા ઉપર અસર પડી છે અને હવામાન ખોરવી નાખે છે, ઉપરાંત આઇઓડીની સ્થિતિ પણ છે, ચોમાસા દરમ્યાન પોઝીટીવ થવાની શકયતા ઓછી છે. ચોમાસાને લગભગ દોઢ મહિનાનો ઉપરનો સમય થઇ ગયોછે પરંતુ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વરસાદ નહિવત છે.

ગઇકાલે દિવસ દરમ્યાન કેટલાક ગામડાઓમાં છાંટા પડયા હતા, લૈયારામાં ૭ મી.મી. દરેડ ૩, ધુનડા, પડાણા, મોડપરમાં ૨ મી.મી. હરિપરમાં ૭ મી.મી. વરસાદ વરસ્યો છે. આજ રાત સુધી વરસાદની આગાહી છે ફરીથી તા.૨૩ થી ૨૯ પણ છે, જામનગર જિલ્લામાં એક લાખ સાંઇઠ હજાર હેકટર જમીનમાં વાવેતર થઇ ચુકયુ છે.

# ખંભાળિયા કલેકટર કચેરીમાં સંકલન સમિતિ બેઠક

## ધારાસભ્ય મુળુભાઈ બેરાએ જનકલ્યાણના કામો ઝડપી પૂર્ણ કરવા અધિકારીઓને તાકીદ કરી

**સમય સંદેશઃ ખંભાળીયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠક જિલ્લા કલેકટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં ખંભાળિયા કલેકટર કચેરી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં ધારાસભ્ય મુળુભાઈ બેરાએ જનકલ્યાણલક્ષી યોજનાઓ અને કામોને ત્વરિત પૂર્ણ કરવા પર ભાર મૂક્યો હતો.

ધારાસભ્ય મુળુભાઈ બેરાએ બરડા જંગલ સફારી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ અંતર્ગત જમીન સંપાદન, ભાણવડના મેવાસા ગામે તળાવની કામગીરી, સૌની યોજના હેઠળ આંબરડી, જે.પી.દેવળીયા, ભણગોર, ચોખંડા તથા શેઢાખાઈ ડેમ, ચોખંડા જામપર ડેમને નર્મદાના નીર આપવા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. તેમણે વીજ વિભાગના પ્રશ્નો, માર્ગ મરામત, ભાણવડની વી.એમ.ઘેલાણી સરકારી હાઈસ્કૂલની જર્જરિત બિલ્ડિંગ દૂર કરવા અને




ધાર્મિક પ્રવાસન સ્થળોના વિકાસ અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.

તેમણે લોકોપયોગી યોજનાઓના અસરકારક અમલીકરણ અને કેન્દ્ર તથા રાજ્ય સરકારની યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે તત્પરતા દાખવી યોગ્ય લાભાર્થીઓને લાભ આપવા માટે જરૂરી સૂચનો કર્યા હતા.

જિલ્લા કલેકટર રાજેશ તન્નાએ વીજ પુરવઠો, માર્ગ મરામત, આરોગ્ય, સિંચાઈ અને સ્વચ્છતા સહિતના વિભાગોના વિવિધ પ્રશ્નો અંગે સંબંધિત અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરી હતી. તેમણે પદાધિકારીઓ દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોનો તાકીદે ઉકેલ લાવવા અને જિલ્લાના વિવિધ વિકાસ કાર્યોની સમીક્ષા કરી ત્વરિત કામગીરી પૂર્ણ કરવા સૂચનો આપ્યા હતા.

પ્રવર્તમાન સ્થિતિમાં જિલ્લામાં વરસાદની ઘટને કારણે પીવાના પાણી અને પશુઓ માટે ઘાસચારા સહિતના મુદ્દાઓ પર કલેકટર તન્નાએ સંબંધિત વિભાગને ત્વરિત કાર્યવાહી કરવા જરૂરી સૂચનાઓ આપી હતી.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ ગૌરીબેન હાથિયા, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ ચિમનભાઈ નકુમ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન જયેશભાઈ જેઠવા, ઈનચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એચ.પી.જોશી, પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળા, નાયબ વન સંરક્ષક અરુણકુમાર, નાયબ વન સંરક્ષક પોરબંદર ચિરાગ ચાંદગુડે, નિવાસી અધિક કલેકટર એમ.વી.દેસાઈ સહિત પદાધિકારીઓ, અધિકારીઓ અને સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## નાગેશ્વર જયોર્તિલીંગ મંદિર પ્રકરણમાં કાર્યવાહી કરવા નાયબ કલેકટરને કરાઇ તાકીદ

**સમય સંદેશઃ જામનગર**

નાગેશ્વર જયોતિર્લિંગ મંદિરના ટ્રસ્ટીઓના વિરુદ્ધમાં થયેલી રજૂઆતો અંગે નિયમ અનુસાર કાર્યવાહી કરવા સહિતની સૂચનાઓ નિવાસી અધિક કલેકટર દ્વારા આપવામાં આવી છે.

દ્વારકા નજીક આવેલા નાગેશ્વર જયોતિર્લિંગ મંદિરના ટ્રસ્ટીઓ વિરુદ્ધ સ્થાનિક સ્તરથી માંડી વડાપ્રધાન કાર્યાલય સુધી અનેક વખત રજૂઆત થઈ છે. તે દરમિયાન ૨૧ ટ્રસ્ટી સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવાની રજૂઆતો સંદર્ભે તપાસ અહેવાલ સોંપવાની અધિક નિવાસી કલેક્ટરને સૂચના આપવામાં આવી છે.



નાગેશ્વર જયોતિર્લિંગ મંદિરના ટ્રસ્ટીઓએ સરકારી જમીન પર વર્ષોથી કબજો કરી લીધો હોવાની રજૂઆતો થઈ છે ત્યારે નિયમોનુસાર કાર્યવાહી કરવા અને અરજદારને પ્રત્યુત્તર પાઠવવા, નકલ સમય મર્યાદામાં મોકલી આપવા અને ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવા દ્વારકાના નિવાસી અધિક કલેકટર એમ.વી. દેસાઈ દ્વારા નાયબ કલેકટરને તાકીદ કરાઈ છે.

## હાલારી વિશા ઓશવાળ સમાજના દાતાઓ તરફથી પક્ષીઓને ચણનું દાન

**સમય સંદેશઃ જામનગર**

હાલારી વિશા ઓશવાળ મહાજન સમાજના દાતાશ્રીઓ માતૃશ્રી પુરીબેન મેપાભાઈ કરમણભાઈ વડા પરિવાર હા. કાંતિલાલ મેપા કરમણ ગડા રે. ટીંબડી તરફથી ચણ જુવાર બાચકા ૧૪૫ (૫૦ કિલો) માતૃશ્રી જશોદાબેન ખીમજી સાવલા રે. નાઘેડી હાલ ભીવંડી ચણ જુવાર બાચકા ૨૫ (૫૦ કિલો) સોમચંદ મેપાભાઈ શાહ રે. મોટા આંબલા ચણ જુવાર બાચકા ૨૦ (૫૦ કિલો) ભગવાનજી કાનજી શાહ રે. મીઠોઈ ચણ જુવાર બાચકા ૧૦ (૫૦ કિલો) મળી (એક ખટારો ૧૦ ટન) પક્ષીઓ માટે ચણનું દાન આપેલ છે.

આ ચણ મેળવવા જામનગર જિલ્લામાં વર્ષોથી ચાલતી ચણ વિતરણ પ્રવૃત્તિના મુખ્ય સંચાલક તા. ખંભાળીયાના, મૂળ ગામ ટીંબડીના હાલ મુલુન્ડ રહેતા હાલારી વિશા ઓશવાળ સમાજના આગેવાન ઉદ્યોગપતિ કાંતિલાલ મેપાભાઈ કરમણભાઈ ગડાએ જાતે દાન આપેલ છે, તથા દાન મેળવવા તેમનો સંપૂર્ણ સહયોગ મળેલ છે.

આરાધના ધામ બાપા સીતારામ મઢુલીથી શરૂ કરી, ખંભાળીયા, કલ્યાણપુર, ભાટીયા, બારાડી વિસ્તાર તથા દ્વારકાના તાલુકાના ગામડાઓ, મંદિરો, આશ્રમો, દરગાહો, અંતરીયાળ વાડી વિસ્તારો તથા જંગલ વિસ્તારો વિગેરેમાં ૯૭ સ્થળોએ એડવોકેટ નાનજીભાઈ સોનગરાએ એક ટ્રક ચણનું વિતરણ કર્યું છે.

## રણમલ તળાવ રાણા મામા મંદિરે ભકતોને નિઃશુલ્ક પ્રવેશ આપવા માંગ

જામનગર રણમલ તળાવ ગેઇટ નં.૪ ની હદમાં ફકત વીસ મીટરના અંતરે આવેલ રાણા મામાના મંદિરે અસંખ્ય શ્રદ્ધાળુઓ દર્શન કરવા આવે છે, ત્યારે આ ભાવિકોને નિ:શુલ્ક પ્રવેશ આપવા જાગૃત નાગરિક સુનીલ ઝાલાએ મેયરને લેખીત રજુઆત કરી છે.વિશેષમાં જણાવ્યું છે કે અગાઉ રાણા મામા મંદિરે દર્શન માટે આવતા ભાવિકોને નિ:શુલ્ક પ્રવેશ અપાતો હતો, છેલ્લો થોડો સમયથી આ નિ:શુલ્ક પ્રવેશ બંધ કરવામાં આવ્યો હોય. આ અંગે યોગ્ય કાર્યવાહી કરવા અપીલ કરી છે.

## સાર્વદેશીક આર્ય પ્રતિનીધીની સભાની કારોબારીમાં જામનગરના સભ્યની વરણી

**સમય સંદેશઃ જામનગર**

સાર્વદશિક આર્ય પ્રતિનિધિ સભા કે, જે આર્યસમાજ નું વિશ્વવ્યાપી અને વિશ્વના ૫૦ ઉપરાંત દેશોનું પ્રતિનિધિતુ ધરાવતું સર્વોચ્ચ સંગઠન છે. તેના કારોબારી સભ્ય તરીકે આર્યસમાજ જામનગરના પ્રમુખ દીપકભાઈ જયંતિલાલ ઠક્કરની વરણી કરવામાં આવેલ છે. જે જામનગર માટે ગૌરવની વાત છે.



આ વરણી બદલ આર્યસમાજ જામનગરના પદાધિકારીઓ, અંતરંગ સદસ્યો, સભાસદો, શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલય ના આચાર્યો, શિક્ષકો, વહીવટી કર્મચારીઓ અને સેવક ભાઈ - બહેનોએ આ નિમણૂંકને આવકારી શુભેચ્છા પાઠવી હતી.

### લોક સમસ્યા અને પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ આવે તે માટે મનપાના નવનિયુકત પદાધિકારીઓનો આવકારદાયક અભિગમ

# જામનગર મહાપાલિકાના નગરસેવકો અને અધિકારીઓની મીટીંગ








જામનગર મહાનગરપાલિકામાં નવતર પહેલ અંતર્ગત નગરસેવકો અને અધિકારીઓની મીટીંગ મળી હતી. લોક સમસ્યા અને પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ આવે તે માટે મનપાના નવનિયુકત પદાધિકારીઓનો આ અભિગમ આવકારદાયક રહ્યો છે. જામનગર મહાનગરપાલિકાના મેયર મોનીકાબેન વ્યાસ, ડેપ્યુટી મેયર રાકેશભાઇ ડેર, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન ધીરેનકુમાર મોનાણી, શાસકપક્ષના નેતા અમરભાઇ મોદી, દંડક પ્રવીણાબેન રૂપડીયા દ્વારા મનપામાં એક નવતર પહેલ કરવામાં આવી છે. જે અંતર્ગત પદાધિકારીઓ દ્વારા શનિવારના મહાનગરપાલિકાના નગરસેવકો અને અધિકારીઓની મીટીંગનું આયોજન સ્ટેન્ડીંગ કમીટી હોલમાં કરવામાં આવ્યું હતું. આ મીટીંગમાં પાંચેય પદાધિકારીઓની ઉપસ્થિતિમાં ક્રમાનુસાર એક પછી એક વોર્ડના નગરસેવકો અને અધિકારીઓની વચ્ચે ચર્ચા-વિચારણા થઇ હતી. મીટીંગમાં નગરસેવકોએ પોતાના વોર્ડના પાણી, ગટર, સફાઇ સહીતના પ્રશ્નોની રજૂઆતો તથા લોક ફરિયાદો રજૂ કરી હતી. આ મીટીંગનો હેતુ નગરસેવકો અને અધિકારીઓ વચ્ચેનો સેતુ વધુ મજબૂત બને તથા શહેરના વોર્ડમાં લોકોના જે પ્રશ્નો અને સમસ્યા હોય તેનું નિરાકરણ ઝડપથી થાય તે હતો. મીટીંગમાં સીટી ઇજનેર ભાવેશ જાની તથા મનપાની અન્ય સંબધિત શાખાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### મુશ્કેલ સમયમાં દેવદૂત બની ૧૮૧ અભયમ હેલ્પલાઇન

# શહેરમાં રસ્તા પર ભટકતી પીડિત મહિલાનું પિયરના પરિવાર સાથે કરાવ્યું સુખદ મિલન

### પતિના ત્રાસથી ઘર છોડવા મજબૂર બનેલી દ્વારકા જિલ્લાની મહિલાને જામનગર અભયમ ટીમે ત્વરિત કાઉન્સેલિંગ કરી સલામત આશરો અપાવ્યો

**સમય સંદેશઃ જામનગર**

ઘરેલુ હિંસા, માનસિક ત્રાસ અને વિષમ પરિસ્થિતિઓમાં સપડાયેલી મહિલાઓની વહારે આવીને '૧૮૧ અભયમ હેલ્પલાઇન' સતત સરાહનીય અને સંવેદનશીલ કામગીરી કરી રહી છે. તાજેતરમાં જામનગર અભયમ ટીમ દ્વારા આવી જ એક પીડિત મહિલાને સમયસર મદદ પહોંચાડી, તેનું કાઉન્સેલિંગ કરી સુરક્ષિત આશરો અને નવું જીવન આપવામાં આવ્યું છે.

ઘટનાની વિગત મુજબ, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રહેતી એક પરણિત મહિલાને તેનો પતિ નશાની હાલતમાં અવારનવાર નિર્દયતાથી શારીરિક અને માનસિક ત્રાસ આપતો હતો. પતિના અતિશય મારકૂટ અને સતત વધતા જતા ત્રાસથી કંટાળીને આ મહિલા આખરે પોતાનું ઘર છોડી દેવા મજબૂર બની હતી. આશ્રયવિહોણી બનેલી



મહિલા સતત ત્રણ દિવસ સુધી એકલવાયું જીવન ગાળી રસ્તાઓ પર ભટકતી રહી હતી. આ દરમિયાન તેણે એક આશ્રમમાં પણ આશરો લીધો હતો.

આશ્રમમાં એક દિવસ વિતાવ્યા બાદ મહિલા પુનઃ રસ્તા પર આવી ગઈ હતી. રસ્તા પર ભટકતી અને અસહાય અવસ્થામાં રહેલી આ મહિલા પર એક જાગૃત નાગરિકની નજર પડતાં, તેમણે સામાજિક જવાબદારી નિભાવી તાત્કાલિક '૧૮૧ મહિલા હેલ્પલાઇન'નો સંપર્ક કરીને સમગ્ર ઘટના અંગે વાકેફ કર્યા હતા.

માહિતી મળતાની સાથે જ જામનગર ૧૮૧ અભયમ ટીમના મહિલા કાઉન્સિલર મનિષા વઢવાણા, પોલીસ કોન્સ્ટેબલ ઈલાબા ઝાલા અને પાયલોટ રામજીભાઈ શિયાર સત્વરે ઘટનાસ્થળે દોડી ગયા હતા. ટીમે સૌપ્રથમ પીડિત મહિલાને સાંત્વના આપી, તેનો ગુમાવેલો આત્મવિશ્વાસ પુનઃ જગાડ્યો હતો અને સહાનુભૂતિપૂર્વક જરૂરી કાઉન્સેલિંગ કર્યું હતું.

અભયમ ટીમ દ્વારા મહિલાના પતિ સાથે પણ સંપર્ક સાધીને વાતચીત કરવામાં આવી હતી, પરંતુ મહિલા તેના પતિના અમાનુષી વર્તનને કારણે તેની સાથે જવા બિલકુલ તૈયાર ન હતી. આથી, મહિલાની સુરક્ષા અને માનસિક સ્થિતિને સર્વોચ્ચ અગ્રતા આપીને, અભયમ ટીમે તાત્કાલિક તેના માતા-પિતાનો સંપર્ક સાધ્યો હતો. અંતે, કાયદાકીય અને સામાજિક સુરક્ષાના માપદંડો સાથે મહિલાને સહી-સલામત રીતે તેના પિયર (માતા-પિતાના ઘરે) મોકલી આપી આખી ટીમ દ્વારા એક સંવેદનશીલ સંકટમોચકની ભૂમિકા ભજવવામાં આવી હતી.

ભરચક મુશ્કેલીના સમયે અણધારી અને ત્વરિત મદદ મળતા પીડિત મહિલા તેમજ તેના લાચાર પરિવારે ૧૮૧ અભયમ ટીમની આ કામગીરીને બિરદાવી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### પોલીસના નેત્રમ વિભાગના સીસીટીવી કેમેરાની મદદથી...

# જામનગર શહેરમાં ૧૫ દિવસમાં ૧,૭૨૨ ઇ-ચલણ ઈસ્યુ કરાયા

### ચાલુ વાહને મોબાઈલ પર વાત કરનારના સૌથી વધુ ૭૨૫ કેસ : ટ્રાફિક નિયમોનું પાલન કરવા પોલીસની અપીલ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં ટ્રાફિક નિયમોના અસરકારક અમલ માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) દ્વારા સીસીટીવી કેમેરાની મદદથી ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર વાહનચાલકો સામે સતત કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની તથા નાયબ પોલીસ અધિક્ષક (મુખ્ય મથક) વી. કે. પંડ્યાના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઇન્સ્પેક્ટર બી. બી. સિંગલના માર્ગદર્શન હેઠળ આ કામગીરી કરવામાં આવી રહી છે.

વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત જામનગર શહેરમાં સ્થાપિત સીસીટીવી કેમેરાની મદદથી તા. ૧ જુલાઈથી ૧૫ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન મોટર વાહન અધિનિયમની વિવિધ જોગવાઈઓ હેઠળ કુલ ૧,૭૨૨ ઇ-ચલણ ઇસ્યૂ કરવામાં આવ્યા છે. તેમાં વાહન ચલાવતી વખતે મોબાઇલ ફોનનો ઉપયોગ કરવાના ૭૨૫, રોંગ સાઇડ (વન-વે)માં વાહન ચલાવવાના ૧૯૬, ત્રિપલ સવારીના ૬૩૨, આરટીઓ માન્ય નંબર પ્લેટ વગર (ફેન્સી નંબર પ્લેટ) વાહન ચલાવવાના ૧૪૯, સીટબેલ્ટ ન પહેરવાના ૧૧ તથા અન્ય પ્રકારના ૯ ગુનાઓનો સમાવેશ થાય છે.

પોલીસે જણાવ્યું છે કે તમામ ઇ-ચલણ સ્પીડ પોસ્ટ મારફતે વાહન માલિકના આરટીઓમાં નોંધાયેલા સરનામે મોકલવામાં આવી રહ્યા છે. ઇ-ચલણની ભરપાઈ પરિહવન વિભાગની વેબસાઇટ, ગૂગલ પે અથવા ફોનપે જેવા ડિજિટલ માધ્યમથી તેમજ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે રૂબરૂ જઈને પણ કરી શકાય છે. ઇ-ચલણની ભરપાઈ ૯૦ દિવસની સમયમર્યાદામાં કરવી ફરજિયાત છે. સમયમર્યાદા બાદ ભરપાઈ વર્ચ્યુઅલ કોર્ટ મારફતે કરવાની રહેશે.

જામનગર પોલીસે સ્પષ્ટ કર્યું છે કે આ કામગીરીનો હેતુ માત્ર દંડ વસૂલવાનો નથી, પરંતુ માર્ગ અકસ્માતો અટકાવી નાગરિકોના જીવનની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. તેથી તમામ વાહનચાલકોને હેલ્મેટ અને સીટબેલ્ટનો ફરજિયાત ઉપયોગ કરવા, વાહન ચલાવતી વખતે મોબાઇલ ફોનનો ઉપયોગ ન કરવા, વધુ ઝડપે વાહન ન ચલાવવા, નશાની હાલતમાં ડ્રાઇવિંગ ટાળવા તેમજ તમામ ટ્રાફિક નિયમો અને સંકેતોનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

# કોરીખડા ગામમાં કૂવામાં ખાબકેલી સાડા પાંચ ફુટ લાંબી મગરનું વન વિભાગ દ્વારા રેસ્ક્યૂ

**સમય સંદેશઃ ભાણવડ**

પોરબંદરના કોરીખડા ગામમાં સૂકાડા તળાવ પાસે આવેલ દાદર સીમની વાડી વિસ્તારમાંથી એક મગરનું સફળ રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. આ વિસ્તારમાં રહેતા ખીમાભાઈ નાથાભાઈ ખૂંટીની વાડીમાં આવેલી ૧૭ ફૂટ ઊંડી ખાડના ૨૦ ફૂટ ઊંડા કૂવામાં એક મગર નજરે ચડ્યો હતો. કૂવામાં મગર હોવાની જાણ થતાં જ વાડી માલિક ખીમાભાઈએ તાત્કાલિક પોરબંદર વન વિભાગના ફોરેસ્ટર એસ. આર. વકાતરને આ અંગે વાકેફ કર્યા હતા.

માહિતી મળતાની સાથે જ વન વિભાગના આરએફઓના એ. જી. ડોડીયાના સીધા





માર્ગદર્શન હેઠળ ફોરેસ્ટ સ્ટાફની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જેમાં ફોરેસ્ટર એસ.આર.વકાતર, પંકજ અપારનાથી,જયદીપ મારૂ અને વિમલ મોકરિયા સહિતના સ્ટાફે ભારે જહેમત બાદ સાડા પાંચ ફૂટની લંબાઈ અને આશરે ૧૫ વર્ષની ઉંમર ધરાવતી આ માદા (ફીમેલ) મગરને કૂવામાંથી સલામત રીતે બહાર કાઢી તેનું સફળ રેસ્ક્યૂ કર્યું હતું.

વન વિભાગની ટીમે મગરને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા બાદ તેને તેના પ્રાકૃતિક વાતાવરણમાં મુક્ત (રિલીઝ) કરી દેતા ગ્રામજનો અને વાડી માલિકે રાહતનો શ્વાસ લીધો હતો.

# ખંભાળિયામાં નીકળી ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રા

### મોટી સંખ્યામાં ભક્તો જોડાયાઃ સમગ્ર શહેર હરે કૃષ્ણ હરે કૃષ્ણના નાદથી ગુંજી ઉઠ્યું





**સમય સંદેશઃ ખંભાળીયા**

ખંભાળિયામાં ઇસ્કોન સંસ્થા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી જગન્નાથ ભગવાનની રથયાત્રાનું ગઈકાલે શુક્રવારે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેને અનુલક્ષીને ગઈકાલે ૫૬ ભોગ, રથયાત્રા, આરતી, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમ યોજાયા હતા.

ઇસ્કોન સંસ્થાના ઉપક્રમે શુક્રવારે બપોરે ખંભાળિયામાં બેઠકો રોડ પર આવેલી નવી લોહાણા મહાજન વાડીમાં ૫૬ ભોગ તથા વક્તવ્ય અને પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પછી આજરોજ સાંજે રથયાત્રાનો પ્રારંભ અહીંની શ્રીજી સાનિધ્ય સોસાયટી ખાતેથી થયો હતો. આ રથયાત્રા મહાપ્રભુજીની બેઠકજી પાસેથી થઈને આ રથયાત્રા શહેરના બેઠક રોડ, શારદા રોડ, જોધપુર ગેઈટ, પોસ્ટ ઓફિસ રોડ, નગર ગેઈટ, શ્રીજી શોપિંગ સેન્ટર, સ્ટેશન રોડ, નગર ગેઈટ થઈને નવી લોહાણા મહાજન વાડી ખાતે સંપન્ન થઈ હતી. જુદા જુદા રાજમાર્ગ ઉપર આ રથયાત્રાનું સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ભક્તોએ રથયાત્રાને દોરડા વડે ખેંચી, પુણ્યનું ભાથું બાંધીને ધન્યતા અનુભવી હતી.

અંતમાં નવી લોહાણા મહાજન વાડી ખાતે રાત્રે ભગવાન જગન્નાથજીની આરતી બાદ ભક્તો માટે મહાપ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ રથયાત્રામાં નગરજનો સાથે અન્ય શહેરોમાંથી ખાસ પધારેલા મોટી સંખ્યામાં કૃષ્ણ ભક્તો જોડાયા હતા. આ સમગ્ર આયોજન માટે અહીંના ઇસ્કોન સંસ્થાના સેવાભાવી યુવાનો-કાર્યકરોને ટીમ દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી હતી.

### દ્વારકા જિલ્લામાં પાણીની સમસ્યા વકરીઃ ભીમ અગિયારસ-અષાઢી બીજ કોરીધાકોડ



**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા આશરે દોઢ દાયકામાં વરસાદ ખૂબ સારો રહેતો હોય તેમ ૫૦ થી ૧૦૦ ઈંચ જેટલો વરસાદ વરસવાની સ્થિતિ રહેતી હોય જેની સરખામણીએ ચાલુ વર્ષે અલનીનોની સ્થિતિ વચ્ચે મેઘરાજા રીસાયા હોય તેમ ભીમ અગિયારસ અને અષાઢી બીજમાં પણ વરસાદ ન વરસતા કોરી ધાકોળ સ્થિતિમાં આગોતરું વાવેતર કરનાર ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે.

મોટા ભાગના ડેમોમાં પણ પાણીનું સ્તર ખૂબ નીચું હોય શહેરો તથા ગામડાઓમાં પણ પીવાના પાણીની ગંભીર સ્થિતિ આગામી સમયમાં ઊભી થવાની ભીતિ ઉભી થઈ છે. ખંભાળીયા શહેર તથા નજીકના ૨૨ ગામોને ઘી ડેમ આધારિત જળ યોજનામાં પાણી વિતરણ થતું પરંતુ હાલ ઘી ડેમમાં પાણી તળિયે પહોંચ્યુ હોય ખંભાળીયા પંથક હવે માત્ર નર્મદાના નીર પર આશ્રિત બન્યો છે. જો વરસાદ ખેંચાશે તો લોકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડી શકે છે. આવી સ્થિતિમાં પાકનું આગોતરું વાવેતર કરનાર ખેડૂતોની સ્થિતિ કફોડી બની છે. દ્વારકા-કલ્યાણપુરમાં તો બિલકુલ વરસાદ પડયો ન હોય સ્થિતિ વધુ ખરાબ બની છે.

# બરડા અભયારણ્યમાં આવતા પ્રવાસીઓ માટે વન વિભાગની મહત્વની જાહેરાતઃસમગ્ર વિસ્તાર 'પ્લાસ્ટિક મુક્ત' જાહેર

### કપુરડી ચેક પોસ્ટ પર કડક ચેકિંગ હાથ ધરાશે : શ્રાવણ માસ પૂર્વે તેમજ પર્યાવરણના રક્ષણ કાજે તંત્ર દ્વારા ખાસ નિર્ણય

**સમય સંદેશઃ ખંભાળીયા**

દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લાની સરહદોને સ્પર્શતા બરડા વન્યજીવ અભયારણ્યની કુદરતી સમૃદ્ધિ અને વન્યજીવોના સંરક્ષણ માટે વન વિભાગ દ્વારા એક ખૂબ જ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પર્યાવરણની જાળવણી અને જંગલની સુખાકારીને ધ્યાનમાં રાખીને પોરબંદર વન વિભાગ દ્વારા બરડા ડુંગર અભયારણ્યને સંપૂર્ણપણે પ્લાસ્ટિક મુક્ત જાહેર કરવામાં આવ્યું છે.

ખાસ કરીને ચોમાસાની વર્તમાન ઋતુ દરમિયાન પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી છે, ત્યારે બરડા વન્યજીવ અભયારણ્ય અંતર્ગત આવેલા સુપ્રસિદ્ધ કિલેશ્વર મહાદેવ મંદિર ખાતે દર્શનાર્થે તેમજ બરડા જંગલ સફારીની મજા માણવા માટે મોટી






સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ આવી રહ્યા છે. આ તમામ મુલાકાતીઓ જંગલની અંદર પ્લાસ્ટિક કચરો ન ફેલાવે તે માટે ભાણવડ ક્ષેત્રિય રેન્જ વન વિભાગની કચેરી દ્વારા એક સત્તાવાર પ્રેસ નોટ જાહેર કરીને ખાસ અપીલ કરવામાં આવી છે.

વન વિભાગ દ્વારા જારી કરાયેલી સૂચના અનુસાર, બરડા અભયારણ્યની મુલાકાતે આવતા તમામ પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓએ જંગલની અંદર કોઈપણ પ્રકારનું પ્લાસ્ટિક ન લઈ જવા માટે ખાસ તાકીદ કરવામાં આવી છે. યાત્રાળુઓને અનુરોધ કરવામાં આવ્યો છે કે તેઓ પ્લાસ્ટિકની થેલીઓ, પાણીની સિંગલ યુઝ બોટલો તેમજ પ્લાસ્ટિક પેકિંગમાં આવતો નાસ્તો કે અન્ય કોઈ ખાદ્ય સામગ્રી સાથે લાવવાનું સંપૂર્ણપણે ટાળે. તેના બદલે પર્યાવરણને અનુકૂળ એવી કાપડની થેલી, પીવાના પાણી માટે ઘરેથી જ લાવેલી સ્ટીલની બોટલ અથવા અન્ય પુનઃ ઉપયોગમાં લઈ શકાય તેવી સામગ્રીનો આગ્રહ રાખવો.

વન વિભાગનો મુખ્ય હેતુ માત્ર કાયદા કે નિયમોનું પાલન કરાવવાનો નથી, પરંતુ નો પ્લાસ્ટીક ઈન બરડા અભિયાન હેઠળ સમગ્ર અભયારણ્ય વિસ્તારને પ્રદૂષણમુક્ત રાખી વન્યજીવોને સુરક્ષિત રાખવાનો છે.

આ કડક અમલવારીના ભાગરૂપે વન વિભાગ દ્વારા જંગલમાં પ્રવેશવાના મુખ્ય માર્ગ પર આવેલી કપુરડી ચેક પોસ્ટ ખાતે પ્લાસ્ટિકના વપરાશ અંગે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવામાં આવી છે. ચેક પોસ્ટ પર તૈનાત વન વિભાગના કર્મચારીઓ દ્વારા તમામ વાહનો અને પ્રવાસીઓનું નિયમિત તેમજ સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. જો કોઈ યાત્રાળુ પાસે પ્લાસ્ટિકમાં પેક કરેલો નાસ્તો, પ્લાસ્ટિકની બોટલો કે અન્ય પ્રતિબંધિત સામગ્રી મળી આવશે, તો તેને ચેક પોસ્ટ પર જ જપ્ત કરી લેવામાં આવશે અને ત્યાં જ રાખવાની ફરજ પાડીને જંગલ કે મંદિરમાં પ્રવેશ આપવામાં આવશે.

વન વિભાગે જણાવ્યું છે કે પ્રવાસીઓ જો પ્લાસ્ટિક સાથે લાવશે તો ચેકિંગ પ્રક્રિયા લાંબી ચાલશે, જેના કારણે તેમનો કિંમતી સમય પણ વેડફાશે. આથી, જો તમામ પ્રવાસીઓ અગાઉથી જ પ્લાસ્ટિકમુક્ત આયોજન કરીને આવશે તો ચેકિંગની કામગીરી ઝડપી બનશે અને કોઈપણ પ્રકારની અનાવશ્યક અસુવિધા વિના તેઓ કુદરતી સૌંદર્યનો આનંદ માણી શકશે. વન વિભાગે તમામ ભાવિક ભક્તો અને પ્રકૃતિપ્રેમીઓને આ પર્યાવરણલક્ષી સંકલ્પને સફળ બનાવવા માટે સંપૂર્ણ સહયોગ આપવા આહવાન કર્યું છે.

# જામનગરમાં ચાંદીપુરા વાયરસના બે શંકાસ્પદ કેસઃ તંત્ર એક્શન મોડમાં

## હાલારના એક બાળક સહિત ૩ દર્દી જી.જી. હોસ્પિટલમાં સારવાર હેઠળ, હાલત ગંભીરઃ ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧૧ બાળકનાં મોત

**સમય સંદેશઃ જામનગર**

પંચમહાલ અને સાબરકાંઠા બાદ હવે જામનગરમાં પણ ચાંદીપુરા વાયરસના કેસ નોંધાયા છે. જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં હાલમાં દેવભૂમિ દ્વારકાના એક બાળક સહિત કુલ ૩ શંકાસ્પદ બાળદર્દી સારવાર હેઠળ છે, જે તમામની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાતમાં આ રોગચાળાને કારણે અત્યાર સુધીમાં ૧૧ બાળકનાં મોત નીપજ્યાં છે, જેમાં ૩ પોઝિટિવ અને ૮ શંકાસ્પદ બાળકનાં મોત થયા છે. જેના કારણે સમગ્ર રાજ્યનું આરોગ્ય તંત્ર એલર્ટ થઈ ગયું છે. ઉલ્લેખનીય છે કે, પંચમહાલમાં ૧૭ અને સાબરકાંઠામાં ૧૩ કેસ નોંધાઈ ચૂક્યા છે.




જામનગર શહેરમાં ચાંદીપુરા વાયરસના બે શંકાસ્પદ કેસ સામે આવ્યા છે. જેમાં શહેરના વોર્ડ નંબર ૬માં આવેલા ગણપતનગર વિસ્તારનો એક વર્ષનો બાળક અને ઢીંચડા રોડ પરના રવિ પાર્ક વિસ્તારના અન્ય એક બાળકનો સમાવેશ થાય છે. આ બંને બાળકને અત્યંત ગંભીર હાલતમાં હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી પણ એક બાળદર્દીને શંકાસ્પદ લક્ષણો સાથે જામનગરની જી.જી. હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો છે.

જી.જી. હોસ્પિટલના બાળરોગ વિભાગના વડાના જણાવ્યા અનુસાર, ત્રણેય બાળકને તીવ્ર તાવ અને આંચકી આવવા જેવા ગંભીર લક્ષણો હોવાથી હોસ્પિટલના બાળકોના વોર્ડમાં ખાસ અલગ આઈસોલેશન વિભાગ બનાવીને આઈસીયુમાં રાખવામાં આવ્યા છે. ડોક્ટરોની સ્પેશિયલ ટીમ દ્વારા બાળકોનો જીવ બચાવવા માટે સઘન પ્રયાસો હાથ ધરાયા છે. આ વાયરસની સત્તાવાર પુષ્ટિ કરવા માટે ત્રણેય દર્દીના સેમ્પલ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે, જેના રિપોર્ટની હાલ રાહ જોવાઈ રહી છે.

### સેન્ડફ્લાય માખી કરડવાથી રોગ થાય છે, ૦ થી ૧૫ વર્ષના બાળકોમાં જોવા મળે છે

સેન્ડફ્લાય માખી કરડવાથી ચાંદીપુરા રોગ થાય છે. જે ૦ થી ૧૫ વર્ષના બાળકોમાં જોવા મળે છે.આ માખી ઘરની અંદરની બાજુ કાચી કે પાકી દીવાલ, પશુવાડા, વાડા-ખેતરના ખૂણા,માટીની કાચી દીવાલ પરની તીરાડ, ભેજવાળા વાતાવરણમાં રહે છે. આ માખી તેની ઉત્પતિ માટે ઇંડા મૂકે છે. તેમાંથી મચ્છરની જેમ અનુક્રમે ઇયળ-કોસેટો અને તેમાંથી પુખ્ત માખી બને છે. વળી, નરી આંખે જોઇ શકાય તેવી સામાન્ય માખી કરતા સેન્ડફ્લાય માખી ચાર ગણી નાની હોય છે.

### સતત વધુ પડતો તાવ, ઝાડા રોગના લક્ષણો, બચવા માટે આ તકેદારી જરૂરી

બાળકોને સતત વધુ પડતો તાવ આવવો, ઝાડા અને ઉલ્ટી થવી, ખેંચ આવવી, અર્ધસભાન કે બેભાન થવું તે સેન્ડફ્લાય માખીથી ફેલાતા ચાંદીપુરા રોગના લક્ષણો છે. આ રોગથી બચવા માટે ઘરની દીવાલોમાં અંદરના તેમજ બહારના ભાગમાં રહેલા છીદ્રો અને તીરાડ બુરાવી દેવા જોઇએ.ઘરની અંદરના ભાગે શકય હોય ત્યાં સુધી હવા ઉજાસ(સૂર્ય પ્રકાશ) આવે તેવી વ્યવસ્થા કરવી.૧૫ વર્ષના બાળકોને જંતુનાશક દવાયુકત મચ્છરદાનીમાં સુવડાવવાનો આગ્રહ રાખવો. બાળકોને શકય હોય ત્યાં સુધી ખુલ્લા શરીરે ઘરની બહાર આંગણામાં કે ધૂળમાં રમવા દેવા નહીં. રોગના લક્ષણો દેખાય તો તાકીદે હોસ્પિટલમાં રીફર કરવાની કાર્યવાહી કરવી.




# જામનગરમાં યુવકની છરીના ઘા ઝીંકી હત્યા

## ગોકુલનગરમાં અપશબ્દોની શંકાથી ઝઘડો, પાંચ સામે ગુનો નોંધાયો







**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ગોકુલનગર વિસ્તારમાં અપશબ્દો બોલવાની શંકાને લઈને થયેલા ઝઘડામાં એક યુવકની છરીના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી છે. આ મામલે પોલીસે પાંચ આરોપી સામે હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ફરિયાદી બાબુ ઉર્ફે રણજીતસિંહ જશાજી જેઠવા (ઉં.વ. ૩૦), રહે. ગોકુલનગર, શેરી નં.૧૧, જામનગરે ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદ મુજબ, ૧૭ જુલાઈની રાત્રે તેમના ઘરની બાજુના ખુલ્લા પ્લોટમાં કેટલાક લોકો ગાળો બોલી રહ્યા હતા.

આ બાબતે સોનુબા ગુમાનસિંહ જાડેજાને શંકા જતાં તેઓ ફરિયાદીના ઘરે આવી તેમના ભાઈઓ અંગે પૂછપરછ કરવા લાગ્યા હતા. આ દરમિયાન ગુમાનસિંહ જાડેજા, પ્રદીપસિંહ ગુમાનસિંહ જાડેજા, જયલો રાઠોડ, દિવ્યરાજસિંહ વાઘેલા, જોષનાબા અને તેમના પતિ ત્યાં આવી પહોંચ્યા હતા.

ફરિયાદ અનુસાર, પ્રદીપસિંહ ગુમાનસિંહ જાડેજા પાસે છરી હતી અને જયલો રાઠોડ પાસે લાકડાનો ધોકો હતો. થોડા સમય બાદ બહારથી બૂમો પડતા ફરિયાદી બહાર નીકળ્યા ત્યારે તેમના ભાઈ પ્રદીપસિંહ જેઠવા ઘરની બહાર લોહીલુહાણ હાલતમાં પડેલા જોવા મળ્યા. આરોપી પ્રદીપસિંહે તેમને છરીના ઘા મારતા ગંભીર ઇજા પહોંચી હતી.

આરોપીઓએ ફરિયાદીના બીજા ભાઈ મયુરસિંહને પણ ઢીકા-પાટુનો માર માર્યો હોવાનો આક્ષેપ છે. ઇજાગ્રસ્ત પ્રદીપસિંહને તાત્કાલિક જી.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા.

આ બનાવ અંગે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે આરોપીઓ સામે હત્યા, મારામારી, ગેરકાયદેસર મંડળી રચવા તથા જાહેરનામાના ભંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરની ભાગોળે બાળાના અપહરણમાં આરોપી ઝડપાયો

## બાળાને શોધી કાઢી : ગણતરીના દિવસોમાં પોલીસની કાર્યવાહી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની ભાગોળે આવેલા ગામમાંથી એક ૧૨ વર્ષની બાળાનું અપહરણ કરી ગયાની એક શખ્સ સામે ફરીયાદ નોંધાવવામાં આવી હતી આ બાબતના ઘેરા પ્રત્યાઘાત પડયા હતા, દરમ્યાનમાં પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ આદરીને ગણતરીના દિવસોમાં આરોપીને પકડી લીધો છે તેમજ બાળાને શોધી કાઢી છે. બીજી બાજુ પોલીસ દ્વારા મેડીકલ પરીક્ષણ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જામનગર નજીક રહેતી ૧૨ વર્ષની બાળાને જેસીબી ચલાવતો ઢગો લાલચ આપીને ભગાડી ગયો છે એ અંગેની વિગતો બહાર આવતા બેડી મરીન પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરીયાદ નોંધાવવામાં આવી હતી, બાળાના અપહરણના પગલે રોષ ફેલાયો હતો અને પિડીતના સમર્થનમાં સમાજ આગળ આવીને ઉચ્ચ પોલીસ અધિકારીને રજુઆત અને ધરણા યોજીને બાળકીને સુરક્ષીત પરત લાવવા અને આરોપી સામે કડક કાર્યવાહી કરવાની ઉગ્ર માંગણી કરવામાં આવી હતી.

બનાવની ગંભીરતા ઘ્યાને લઇને એસપીના માર્ગદર્શન હેઠળ એલસીબીની ટીમ દ્વારા જીણવટભરી તપાસ આદરી હતી, ટેકનીકલ એનાલીસીસ સહિતની મદદથી ગણતરીના દિવસોમાં શોધખોળ કરીને આરોપી કાના ગોરાણીયા રહે. કલ્યાણપુર પંથકને પોરબંદર વિસ્તારમાંથી દબોચી લીધો હતો જેમાં રાણાવાવ પોલીસની મદદ મળી હતી, બાળાને શોધી કાઢી હતી. દરમ્યાન ભોગ બનનાર બાળકીના તબીબી પરીક્ષણની કાર્યવાહી હાથ ધરી અને આગળની તપાસ તેમજ અન્ય કલમો ઉમેરવા સહિતની કાર્યવાહી તેજ બનાવવામાં આવી છે. પોલીસ દ્વારા આરોપીની સત્તાવાર ધરપકડ અને અન્ય વિગતો બાબતની તજવીજ ચલાવવામાં આવી રહી છે.

# સલાયામાંથી બાઈક હંકારી જતા તસ્કરો

ખંભાળિયાઃ ખંભાળિયા તાલુકાના સલાયા ગામે કસ્ટમ રોડ પર રહેતા સતારભાઈ તાલબભાઈ સંઘાર નામના ૩૮ વર્ષના યુવાને ગત તા. ૮ ના રોજ બંદર વિસ્તારમાં પાર્ક કરીને રાખેલું રૂા. ૨૫,૦૦૦ ની કિંમતનું સ્પ્લેન્ડર મોટરસાયકલ કોઈ તસ્કરો ચોરી કરીને લઈ ગયા હોવાની ફરિયાદ સ્થાનિક પોલીસમાં નોંધાઈ છે.

# કાલાવડ-રણુંજા હાઈવે પર બાઈકની ટકકરમાં પરિવારના ચાર સભ્યને ઈજા

## પિતા-પુત્રને પગમાં ગંભીર ઈજા થઈ : મોટરસાયકલ ચાલક સામે રાવ

**સમય સંદેશઃ જામનગર**

કાલાવડ-રણુંજા હાઇવે પર બે મોટરસાયકલ વચ્ચે ટકકર થતા આજીડેમ ચોકડી વિસ્તારમાં રહેતા દંપતી અને બે બાળકોને શરીરે નાની મોટી ઇજાઓ પહોચી હતી, આ બનાવ અંગે મોટરસાયકલના ચાલક સામે ફરીયાદ કરવામાં આવી હતી જયારે ઇજાગ્રસ્તોને સારવારમાં ખસેડવામાં આવ્યા હતા.

આજી ડેમ ચોકડી, માંડા ડુંગર વિસ્તાર ભીમરાવનગર ખાતે રહેતા પ્રકાશ પીઠાભાઇ રાઠોડ (ઉ.વ.૩૬) નામના યુવાને ગઇકાલે કાલાવડ ટાઉન પોલીસમાં હિરો ડીલક્ષ મોટરસાયકલ નં. જીજે૩ટીબી-૦૨૯૫ના ચાલક સામે ફરીયાદ નોંધાવી હતી.

તા. ૧૬ના રોજ કાલાવડ-રણુંજા હાઇવે પર આરોપીએ પોતાની બાઇક પુરઝડપે અને બેફીકરાઇથી ચલાવી ફરીયાદીના સ્પ્લેન્ડર નં. જીજે૧૩એજી-૮૮૧૩ સાથે સામેથી ભટકાડી અકસ્માત સર્જયો હતો જેમાં ફરીયાદી તથા તેમના પત્ની અને બંને બાળકોને પછાડી દીધા હતા, અકસ્માતમાં ફરીયાદીને પગમાં ગંભીર ઇજા, ૧૧ વર્ષના પુત્ર રૂદ્રને સાથળના ભાગે ગંભીર ઇજા, ફરીયાદીના પત્ની હીનાબેન (ઉ.વ.૩૧)ને મુંઢ ઇજા અને નાના પુત્ર રિયાંશને માથામાં તથા શરીરે ઇજા પહોચી હતી.

### કલ્યાણપુરના ગાગા ગામેથી છ જુગારીઓ ઝડપાયા

કલ્યાણપુરથી આશરે ૩૫ કિલોમીટર દૂર ગાગા ગામના વાડી વિસ્તારમાંથી સ્થાનિક પોલીસે કરશન પરબત કરંગીયા, નગા નારણભાઈ લગારીયા, જેસા ભીખાભાઈ કરંગીયા, ડોશા નારણભાઈ ચાવડા, રામશી સામતભાઈ ગોજીયા અને જેસા ભીમશીભાઈ કરંગીયા નામના છ શખ્સોને તીનપત્તીનો જુગાર રમતા રૂા. ૧૧,૨૪૦ ની રોકડ રકમ તથા સાત મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૩૨,૭૪૦ ના મુદ્દા માલ સાથે ઝડપી લઇ, જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી.

# અલીયાના ઉપસરપંચ પર બેઝબોલના ધોકાથી હુમલો

## ફ્રેક્ચર સહિતની ઈજાઓ પહોંચી, પીજીવીસીએલમાં લાઈટ માટેની અરજી મુદ્દે તકરાર, એક શખસ સામે ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના અલીયા ગામના ઉપસરપંચ પાર્થ પ્રકાશ હરિયાણી પર બેઝબોલના ધોકાથી હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલામાં તેમને બે જગ્યાએ ફ્રેક્ચર સહિત ગંભીર ઇજાઓ પહોંચી હતી, જેના પગલે તેમને જી.જી. હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પાર્થ હરિયાણી ગ્રીન સિટી, જામનગરના રહેવાસી છે અને પટેલ કોલોની વિસ્તારમાં ''ઓવનસબ'' નામનું રેસ્ટોરન્ટ ચલાવે છે. તેઓ અલીયા ગ્રામ પંચાયતના ઉપસરપંચ તરીકે પણ સેવા આપે છે. આ હુમલો પી.જી.વી.સી.એલ.માં લાઇટ માટેની અરજીના મુદ્દે થયેલી તકરાર બાદ થયો



હોવાનું સામે આવ્યું છે.

ઘટનાના દિવસે પાર્થ ગામના સમૂહ જમણવારમાં હાજરી આપી ગ્રામ પંચાયતેથી જામનગર પરત ફરી રહ્યા હતા. અલીયા ગામની ફાટક નજીક પહોંચતા જ પાછળથી આવેલા સિલ્વર રંગના મોટરસાયકલચાલકે તેમની કાર આગળ મોટરસાયકલ ઉભું રાખી તેમને અટકાવ્યા હતા.

આરોપીએ પાર્થને પી.જી.વી.સી.એલ.માં લાઇટ માટે અરજી કેમ કરી હોવાનું પૂછ્યું હતું. પાર્થે આવી કોઈ અરજી ન કરી હોવાનું જણાવતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો. તેણે અપશબ્દો બોલી રસ્તાની બાજુમાં પડેલો બેઝબોલનો ધોકો લઈને પાર્થના ડાબા પગના ગોઠણ પાસે ઘા માર્યો હતો. પાર્થ નીચે પડી જતાં આરોપીએ આડેધડ હુમલો ચાલુ રાખ્યો હતો.

બૂમાબૂમ સાંભળી અલીયા ગામના કલ્પેશ મહેશ મકવાણા ઘટનાસ્થળે પહોંચ્યા અને પાર્થને હુમલાખોરના ચંગુલમાંથી છોડાવ્યા. તે દરમિયાન આરોપીએ પોતાનું નામ ઇમરાન જુણેજા હોવાનું જણાવ્યું અને ''આજે તો બચી ગયો, ફરી મળીશ તો જાનથી મારી નાખીશ'' તેવી ધમકી આપી મોટરસાયકલ પર ફરાર થઈ ગયો હતો.

ઈજાગ્રસ્ત પાર્થને કલ્પેશ મકવાણાએ જી.જી. હોસ્પિટલ પહોંચાડ્યા હતા. તબીબી તપાસમાં તેમના ડાબા પગના ગોઠણ પાસે અને ડાબા હાથની ટચલી આંગળીમાં ફ્રેક્ચર તેમજ જમણા પગના ગોઠણ અને જમણા હાથમાં ઇજાઓ હોવાનું નિદાન થયું હતું. આ બનાવ અંગે પાર્થ પ્રકાશ હરિયાણીની ફરિયાદના આધારે પોલીસે ઇમરાન જુણેજા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં વિદેશી શરાબના ૪૨ ચપલા સાથે એક શખ્સ પકડાયો

## મચ્છરનગરમાં દારૂની બાટલી સાથે શખ્સ ઝપડે ચડયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના જુના સ્ટેશન પાસે એક શખ્સ વિદેશી દારૂના ૪૨ ચપલા સાથે પકડાયો હતો અને મચ્છરનગરમાં દારૂની બોટલ સાથે એક શખ્સ ઝપટમાં આવ્યો હતો.

જામનગરના જુના રેલ્વે સ્ટેશન પાસે આવેલ વેલનગર શેરી નં. ૧માં રહેતા જીજ્ઞેશ નરશી રાઠોડ નામના શખ્સના ભોગવટાના મકાનમાં બાતમીના આધારે સીટી-બી પોલીસે દરોડો પાડીને વિદેશી દારૂના ૪૨ ચપલા કિ. ૧૨૬૦૦ વેચાણઅર્થે રાખતા રેઇડ દરમ્યાન પકડાઇ ગયો હતો.

અન્ય દરોડામાં શહેરના મચ્છરનગર વિસ્તારમાં રહેતા જયપાલસિંહ છત્રપાલસિંહ રાઠોડ નામના શખ્સને વિદેશી દારૂની એક બોટલ સાથે મચ્છરનગરમાંથી પકડી લીધો હતો.

# મુંગણી ગામમાં પિતા-પુત્ર પર પાઈપથી પ્રહાર

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાબેના મુંગણી ગામમાં દુકાન ભાડે આપવા બાબતના મનદુઃખમાં અહી રહેતા શખ્સે ઉશ્કેરાઇ જઇ પાઇપ વડે હુમલો કરી પિતા-પુત્રને મુંઢ ઇજા પહોચાડી હતી જે અંગે ગઇકાલે એક શખ્સ સામે ફરીયાદ કરવામાં આવી છે.

જામનગર નજીક મુંગણી ગામ ગાગવા રોડ ખાતે રહેતા વર્ષાબા મહિપતસિંહ કંચવા (ઉ.વ.૩૩) નામની મહિલાએ ગઇકાલે સિકકા પોલીસ સ્ટેશનમાં ગાગવા રોડ ખાતે રહેતા કિરીટસિંહ રણજીતસિંહ કંચવાની વિરુધ્ધ ફરીયાદ નોંધાવી હતી.

વિગત અનુસાર ફરીયાદીના પતિની ગાગવા ધારે દુકાન આવેલ હોય જે દુકાન બંધ હાલતમાં હોય અને કોઇને ભાડે આપવી હોય પરંતુ આરોપી કિરીટસિંહ કોઇને ભાડે આપવા દેતા ન હોય જે બાબતનો ખાર રાખી આરોપીએ ફરીયાદીના પતિ મહિપતસિંહને જેમતેમ અપશબ્દો કહયા હતા.

દરમ્યાન તા. ૧૪ના ફરીયાદીના ઘરની બહાર આરોપીએ લોખંડના પાઇપ વડે ફરીયાદીના પતિ તેમજ તેમના દિકરા જયવીરસિંહને શરીરે મુંઢ ઇજા પહોચાડી હતી ફરીયાદ અનુસંધાને સિકકા પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી છે.

# ગણપતનગર વિસ્તારમાં પાના ટીંચતી બે મહિલા સહિત ચારની અટક

**સમય સંદેશઃ જામનગર**

જામનગર સીટી-સી ડીવીઝન પીઆઇ એન.બી. ડાભીની સુચનાથી સર્વેલન્સ સ્કોડના પીએસઆઇ આર.એલ. કંડોરીયા તથા સ્ટાફના માણસો પ્રોહી જુગારના ગુનાઓ શોધી કાઢવા પેટ્રોલીંગમાં હતા.

દરમ્યાન પો.હેડ કોન્સ ખીમશીભાઇ તથા હોમદેવસિંહને સંયુકત બાતમી રાહે હકીકત મળેલ કે જામનગરના ગણપતનગર ખુલ્લીફાટક પ્રોવીઝન સ્ટોર પાસે જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમતા જમનાબેન હનીફ સાટી, ગુલસનબેન કાસમ મુખીયા, અલતાફ અબ્દુલ સમા, રીઝવાન જુસબ સમાને રોકડા ૧૨૭૫૦ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત જામજોધપુરના ઘાસના ગોડાઉન પાસે રહેતા રામદેવ ઉર્ફે બાઠો વિઠ્ઠલ સુરેલા નામના શખ્સને ધર્મશાળા રોડ પર જાહેરમાં નશીબ આધારીત વર્લી મટકાનો જુગાર રમતા રેઇડ દરમ્યાન સ્થાનીક પોલીસે રોકડા ૧૩૦ અને આંકડા લખેલ કાગળ સાથે દબોચી લીધો હતો.

# સરમત પાટીયા પાસે યુવાને જીવાદોરી ટુંકાવી

**સમય સંદેશઃ જામનગર**

મુળ બિહાર, હાલ સરમત પાટીયા પાસે આર્ય ભગવતી સોસાયટીમાં રહેતા શ્રમિક યુવાને ગળાફાંસો ખાઇને આપઘાત કરી લીધો છે, વતનથી દુર અહીં કામમાં મન લાગતુ ન હોય જેના કારણે આ પગલુ ભરી લીધાનું પોલીસમાં જાહેર કરાયું છે.

બિહારના બેલા પોસ્ટ, રાજપુર થાના ખાતેના વતની અને હાલ જામનગરના સરમત પાટીયા પાસે આવેલ આર્ય ભગવતી સોસાયટી રૂમ નં. ૨૪માં રહેતા મજુરીકમ કરતા હિતેશકુમાર ભગવાનસીંગ રાજપુત નામના યુવાન તેના વતનથી દુર અહી જામનગરમાં કામ કરતા હોય અને કામમાં મન લાગતુ ન હોય જેથી કંટાળી અને પોતાની મેળે રૂમમાં ગળાફાંસો ખાઇ લેતા મૃત્યુ નિપજયુ છે, આ બનાવ અંગે અમનકુમાર ભગવાનસીંગ દ્વારા સિકકા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com